કચેરી : ૦૨૬૧-૨૪૨૫૦૦૨
અધ્યક્ષશ્રી : (ઓ.) ૦૨૬૧-૨૪૨૮૨૬૮, ૬૫૮૯૪૭૮
શાસનાધિકારી : (ઓ.) ૦૨૬૧-૨૪૧૫૬૭૯
Email-msbsmc@gmail.com

# નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ, સુરત.

ગોપીપુરા, પારસીવાડ, સુરત-૩૯૫ ૦૦૧

નંબર : ૬૭૯૮- તા.: ૦૩-૦૩ -૨૦૧૮

પ્રતિ,
મુખ્ય શિક્ષકશ્રી / આચાર્યશ્રીઓ/ તમામ કર્મચારીગણ,
તમામ નગર પ્રાથમિક શાળાઓ,સુરત.

વિષય :- મેડીકલ બીલ રીએમ્બર્સમેન્ટ બાબત.....

સંદર્ભ :- (1) સુરત મહાનગરપાલિકાના પરિપત્ર નં.પીએચડી/આ.વ./નં.૧૯૩,તા.૨૩/૦૫/૨૦૧૯.

(2)સુરત મહાનગરપાલિકાના પરિપત્ર નં.પીએચડી/આ.વ./નં.૧૯૭,તા.૨૪/૦૯/૨૦૧૮.

આથી નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ, સુરતના કર્મચારીઓ/અધિકારીશ્રીઓ/સભ્યશ્રીઓ/માજી સભ્યશ્રીઓ/પેન્શનરોને અને તેમના આશ્રિતોને નિયમોનુસાર વૈદકીય સારવાર સુરત મહાનગરપાલિકા સંચાલિત હોસ્પિટલો, શહેરી આરોગ્ય કેન્દ્રો, શહેરી આરોગ્ય કેન્દ્રો અને પ્રસૃતિગૃહો, દવાખાના તથા મહાનગરપાલિકા સંચાલિત અન્ય તમામ વૈદકીય સંસ્થાઓમાં વિનામુલ્યે આપવામાં આવે છે.

સ્મીમેર હોસ્પિટલ ખાતે મહદઅંશે તમામ પ્રકારની સારવાર ઉપલબ્ધ હોવા છતાં ઘણાં કિસ્સાઓમાં વૈદકીય સારવારના નિયમો હેઠળનો લાભ લેનાર લાભાર્થીઓ દ્વારા ખાનગી/ટ્રસ્ટની હોસ્પિટલોમાં વિવિધ આકસ્મિક કારણો દર્શાવીને સારવાર મેળવવામાં આવે છે અને તે અંગેનો ખર્ચ રીએમ્બર્સમેન્ટ કરવા અરજી કરવામાં આવે છે. જે યોગ્ય જણાતું નથી.

આથી વૈદકીય સારવારના નિયમો હેઠળનો લાભ લેનાર તમામ લાભાર્થીઓને જણાવવામાં આવે છે કે હવેથી તેઓએ તેમની પોતાની તથા તેમના આશ્રિતોની સારવાર નિયત કરેલ સુરત મહાનગરપાલિકા સંચાલિત હોસ્પિટલો, શહેરીઆરોગ્ય કેન્દ્રો, શહેરીઆરોગ્ય કેન્દ્રો અને પ્રસૃતિગૃહો, દવાખાના તથા મહાનગરપાલિકા સંચાલિત અન્ય તમામ વૈદકીય સંસ્થાઓ ખાતે જ કરાવવાની રહેશે. જે સારવાર સુરત મહાનગરપાલિકા માન્ય હોસ્પિટલો ખાતે ઉપલબ્ધ ન હોય, તેવા કિસ્સાઓમં મંજુરી મેળવીને જ સુરત મહાનગરપાલિકાએ માન્ય કરેલ અન્ય હોસ્પિટલો ખાતે સારવાર કરાવવાની રહેશે. જો આ સિવાયની અન્ય સંસ્થાઓમાં પૂર્વમંજુરી વગર સારવાર લેવામાં આવેલ હોય તો તેવા ખર્ચના નાણાંનું રીએમ્બર્સમેન્ટ જે તે કેસનાં ગુણદોષને ધ્યાને લઈ તથા સુરત મહાનગરપાલિકાના પ્રવર્તમાન નિયમોનુસાર જ કરવામાં આવશે. જેની તમામ લાભાર્થીઓએ ખાસ નોંધ લેવી.

ઉપરોક્ત પરિપત્રનો ચુસ્તપણે અમલ કરવાનો રહેશે અને તમામ સ્ટાફને વાંચી વંચાવી સહી મેળવી શાળા દફતરે રાખવો તથા તમારી નજીકમાં કચેરીનાં નિવૃત કર્મચારીઓ/અધિકારીશ્રીઓ/સભ્યશ્રીઓ/માજી સભ્યશ્રીઓ/પેન્શનરો રહેતાં હોય તો તેમને આ પરીપત્ર અંગેની જાણ કરવી અને તેની એક નકલ પહોંચાડવા નોંધ લેશો. આ સાદર પરીપત્રનો ચુસ્તપણે અમલ કરવાનો રહેશે.

શાસનાધિકારી
નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ,
સુરત.